# માનવતાની મહેક

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલયમાં બી.એસ.સી.(હોર્ટી)માં સાતમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતા શ્રી સંદિપ ડી. કણઝારીયાનું તા.૦૮/૦૯/૨૦૧૯ના રોજ રૂા. ૫૦૦૦/- તથા અગત્યના ડોકયુમેન્ટ સાથેનું પર્સ પડી ગયેલ હતું, જે યુનિવર્સિટીની ન.મ.કૃષિ મહાવિદ્યાલયમાં ટ્રેકટર ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા શ્રી મગનભાઇ નાથાભાઇ પરમારને મળતા તેઓએ ઇમાનદારી તેમજ માનવતાની મહેક પ્રસરાવે તેવી ઉમદા અને સમાજમાં પ્રેરણારૂપી ઉદાહરણ પુરૂ પાડવા મુળ માલીકને પાકીટ પરત કરવા શ્રી સંજયભાઇ રબારી થકી સંપર્ક કરી પરત આપવાનું નકકી કરેલ હતુ. સદર ઉદાહરણ સમાજમાં અનુકરણિય બની રહે તે માટે યુનિવર્સિટીના વડા અને માન.કુલપતિશ્રી ર્ડા. સી.જે.ડાંગરીયા સાહેબ તેમજ યુનિવર્સિટી અધિકારીશ્રીઓની હાજરીમાં સદર વિદ્યાર્થીને પાકીટ પરત આપતા ર્ડા. સી.જે.ડાંગરીયા સાહેબ તેમજ યુનિવર્સિટી અધિકારીશ્રીઓએ શ્રી મગનભાઇ પરમારનું સાલ ઓઢાડી સન્માન કર્યુ અને સમાજમાં પ્રેરણારૂપ કામગીરી કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપેલ હતા. આ પ્રસંગે માન.કુલપતિશ્રી સાથે ર્ડા. જી.આર.પટેલ, ર્ડા. એમ.કે.એરવાડીયા, ર્ડા. બી.એન.પટેલ, ર્ડા. જે.વી.પટેલ, શ્રી રસીક કાપડીયા, શ્રી અવનિપ નાયર, શ્રી સંજય રબારી ઉપસ્થિત રહયા હતા.






નવસારી
તા.૦૯/૦૯/૨૦૧૯

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી